અપીલ અરજી નં.૨૯૧ તા.૪–૧૨–૦૯/૧૦

અરજદારઃ– શ્રી મહેશભાઈ હાદાભાઈ સોલંકી
સામાવાળાઃ– ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (રીક્રૂટમેન્ટ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેશભાઈ હાદાભાઈ સોલંકીની તા. ૩–૧૧–૦૯ ની અરજીથી૧૦૨ ડ્રાઈવરોની પ્રતિક્ષાયાદી અનુભવના પ્રમાણપત્ર વગર તૈયાર કરવામાં આવેલ છે હેવી વ્હીકલ લાયસન્સને કેટલા વર્ષ જુનાને ગણતરીમાં લેવામાં આવેલ હોય તેની માહિતીની નકલ અને ફીઝીકલ વીઝન તથા પ્રેકટીકલ ટેસ્ટના ગુણ કેટલા ગુણમાંથી આપવામાં આવ્યા હોય તેની સંપૂર્ણ માહિતીની નકલો અને કેટલા ગુણ પ્રાપ્ત કરેલાઓ ની પસંદગી કરવામાં આવેલ હોય તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૪–૧૨–૦૯ ની અપીલ અરજી નં.૨૯૧/૨૦૦૯–૧૦

શ્રી મહેશભાઈ હાદાભાઈ સોલંકીની તા. ૩–૧૧–૦૯ ની અરજીથી૧૦૨ ડ્રાઈવરોની પ્રતિક્ષાયાદી અનુભવના પ્રમાણપત્ર વગર તૈયાર કરવામાં આવેલ છે હેવી વ્હીકલ લાયસન્સને કેટલા વર્ષ જુનાને ગણતરીમાં લેવામાં આવેલ હોય તેની માહિતીની નકલ અને ફીઝીકલ વીઝન તથા પ્રેકટીકલ ટેસ્ટના ગુણ કેટલા ગુણમાંથી આપવામાં આવ્યા હોય તેની સંપૂર્ણ માહિતીની નકલો અને કેટલા ગુણ પ્રાપ્ત કરેલાઓની પસંદગી કરવામાં આવેલ હોય તેની માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી રીક્રૂટમેન્ટના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૭૩૧ તા.૧૬–૧૧–૦૯ થી આપેલ માહિતી અપૂરતી, અયોગ્ય અને ગેરમાર્ગે દોરતી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪–૧૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૦૯ તા.૧૪–૧૨–૦૯ થી ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (રીક્રૂટમેન્ટ)ને તથા અરજદારને તા.૧૬–૧૧–૦૯ ના પત્ર અન્વયે ઈન્સ્પેકશનની તક મેળવેલ છે કે કેમ? જો મેળવેલ હોય તો શું બાબતે નારાજગી છે તે સ્પષ્ટતા કરવા અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી. તેમજ અરજદાર તરફથી પણ પાઠવેલ પત્ર સંદર્ભે કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી.

અરજદારની તા.૩–૧૧–૦૯ ની અરજીથી ઉપરોકત વિષય અને સંદર્ભ અનુસાર માંગવામાં આવેલી માહિતી અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૭૩૧ તા.૧૬–૧૧–૦૯ થી "૧૦૨ ડ્રાઈવરોની પ્રતિક્ષાયાદીના ઉમેદવારોના અનુભવના પ્રમાણપત્ર બાબતે જાહેરાતમાં અનુભવ માંગ્યો ન હોવાથી અનુભવના પ્રમાણત્ર આપવાનો પ્રશ્ન રહેતો નથી. વધુમાં ફીઝીકલ, વીઝન તથા પ્રેકટીકલ ટેસ્ટના ગુણ કેટલામાંથી આપવામાં આવે છે તે માહિતી સા.સ.ના ઠરાવ નં.૧૫૪/૨૦૦૦ તા.૩૧–૩–૨૦૦૦ અન્વયે માહિતી આપી શકાય તેમ નથી જયારે પસંદગી પામેલ ૧૦૨ ઉમેદવારોએ મેળવેલ સરેરાશ ગુણની નકલ આ સાથે પત્રકમાં સામેલ કરેલ છે. વધુમાં જણાવવાનું કે તમને આ પ્રત્યુત્તરથી સંતોષ ન થાય અને વધુ માહિતીની જરૂર જણાય તો રૂબરૂ આવી ઈન્સ્પેકશન કરી જવા જણાવીએ છીએ તેવી માહિતી આપવામાં આવેલ. જેના અનુસંધાને તા.૪–૧૨–૦૯ ના રોજ માંગેલ માહિતીની નકલ અપૂરતી અયોગ્ય અને અધૂરી મળવા બાબતની રજૂઆત કરી ૧૦૨ ડ્રાઈવરોની પ્રતિક્ષાયાદીના હેવી વ્હીકલ લાયસન્સના કેટલા વર્ષ જુનાને ગણતરીમાં લેવામાં આવ્યા હોય તેની તથા ફીઝીકલ, વીઝન અને પ્રકેટીકલ ટેસ્ટના વર્ગીકૃત ગુણના ડ્રાઈવરો પ્રાપ્ત કર્યા અંગેની માહિતી મેળવવા બાબતની રજૂઆત કરેલ છે. જેમાં અરજદારે જાહેર માહિતી અધિકારી તરફથી ઈન્સ્પેકશન આપવા છતાં તે મેળવેલ છે કે કેમ? અને તે અંગે અરજદારને અપીલ તબકકે પત્ર પાઠવ્યા છતાં કોઈ પૂરક વિગતો પૂરી પાડવામાં આવેલ નથી. જેથી અરજદારને વ્હીકલ લાયસન્સના કેટલા વર્ષ જુના અંગેની માહિતી પૂરી પડાયેલ જણાતી નથી. વધુમાં અરજદારે અપીલ અરજીમાં સા.સ.ના ઠરાવ નં.૧૫૪/૨૦૦૦ તા.૩૧–૩–૨૦૦૦ નો છે તે સમયમાં સરકારી જાહેર માહિતી અધિકારી અધિનિયમ–૨૦૦૫ નો કાયદો અસ્તિત્વમાં ન હતો અને હાલમાં આરટીઆઈ હેઠળ માંગેલી માહિતી પ્રતિબંધિત નથી. તેવું જણાવી ૧૦૨ ડ્રાઈવરોની પ્રતિક્ષાયાદીની પસંદગીમાં લાવવાના હેતુસર ફીઝીકલ,વીઝન અને પ્રેકટીકલ ટેસ્ટના ગુણની વર્ગીકૃત માહિતીની નકલની માંગણી કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ સદર કાયદા હેઠળ તેમના તા.૧૬–૧૧–૦૯ ના પત્રથી જ સદર માહિતી આપી શકાય તેમ નથી અને તે અંગે ઠરાવનો આધાર રજૂ કરી ઈન્કાર કરેલ છે. અરજદારે સદર ડ્રાઈવરોની પ્રતિક્ષા યાદીમાં હેવી વ્હીકલ લાયસન્સના કેટલા વર્ષ જુનાને લેવામાં આવેલ છે જે માહિતીની નકલો પૂરી પાડવા પર કોઈ સ્થાયી સમિતિની પણ ગુપ્તતા જાળવવાનું જણાવેલ છે કે કેમ? જે અંગે અરજદારને સા.સ.ના ઠરાવ નં.૧૫૪/૨૦૦૦ તા.૩૧–૩–૨૦૦૦ ની આપેલી નકલમાં જણાવવામાં આવેલ છે. સદર ઠરાવની વિગત જોતાં લેખિત ઓબ્જેકટીવ ટેસ્ટ અંગેની કામગીરી કરનાર અધિકારી કે આવી માહિતી અત્યંત ગોપનીય રાખવાની રહેશે તેવી જોગવાઈ છે. આરટીઆઈ એકટની કલમ–૨૨ થી કરેલ જોગવાઈ ધ્યાને લેતાં માહિતી અધિકાર અધિનિયમથી કરેલ જોગવાઈ ગોપનીયતા અધિનિયમ–૧૯૨૩ અને બીજા કાયદાની જોગવાઈ ઉપર પ્રભુત્વ ધરાવશે તેવી જોગવાઈ કરેલ છે જે ધ્યાને લેતાં જાહેર માહિતી અધિકારીની વિઝન અને પ્રેકટીકલ ટેસ્ટના ગુણની માહિતી આપવાનો ઈન્કાર કાયદાની કલમ–૨૩ સાથે સુસંગત નથી જેથી તે માહિતિ આપવા પાત્ર થાય.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩–૧૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી અરજદારને કેટલા વર્ષ જુના હેવી લાયસન્સ ધારકને ગણતરીમાં લેવામાં આવેલ છે તે તથા ફીઝીકલ તથા પ્રેકટીકલ ટેસ્ટના ગુણની ઉપલબ્ધ દફતરી માહિતીની નકલ આરટીઆઈ એકટની કલમ–૭(૫) ની જોગવાઈ હેઠળ અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી રીક્રૂટમેન્ટને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧ –૧૦

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (રીક્રૂટમેન્ટ) ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી મહેશભાઈ હાદાભાઈ સોલંકી,